# મુખ્યમંત્રીએ વિશ્વકર્મા જયંતિએ શ્રમ પારિતોષિકથી રાજ્યના વિવિધ ક્ષેત્રના ઔદ્યોગિક શ્રમિકોનું સન્માન કર્યુ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૪

ઉદ્યોગકારો-રોકાણકારો માટે ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યુ છે તેના મૂળમાં બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર અને રાજ્ય સરકારના સાનુકૂળ અભિગમ ઉપરાંત લેબર પીસ-શ્રમ શાંતિનો પણ મહત્વનો ફાળો રહેલો છેએમ કહેતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે ગુજરાત દેશમાં સૌથી ઓછા મેન ડેયઝ લોસ ધરાવતું રાજ્ય છે. શ્રમિકોના સક્રિય સહયોગ અને રાજ્ય સરકારની બિઝનેસ ફ્રેન્ડલી પોલિસીઝથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ અને શ્રમિક કલ્યાણ બાબતોમાં દેશમાં અગ્રેસર છે.

મુખ્યમંત્રી રાજ્ય સરકારના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ આયોજિત શ્રમ પારિતોષિક વિતરણ અને દિશાસિસ્ટમના ગાંધીનગરમાં લોંચીંગ સમારોહમાં અધ્યક્ષીય સંબોધન કરી રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી પદ કાળ દરમ્યાન શરૂ કરાવેલી આ શ્રમ પારિતોષિક વિતરણની શૃંખલામાં રાજ્ય સરકાર ઉદ્યોગોમાં સંકટ સમયે પોતાની આત્મસૂઝ, ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો તથા ઔદ્યોગિક શાંતિ જાળવવામાં યોગદાન આપનારા શ્રમયોગીઓને વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરે છે. મુખ્યમંત્રીએ વિશ્વકર્મા જયંતિના પર્વે સોમવારે આવા શ્રમયોગીઓને શ્રમ રત્ન, શ્રમ ભૂષણ, શ્રમ વીર અને શ્રમ શ્રી - શ્રમ દેવી પુરસ્કારો અન્વયે પ્રતિકરૂપે ૧૬ વ્યક્તિઓને સન્માનિત કર્યા હતા. સમગ્ર રાજ્યમાં આ વર્ષે આવા ૬૪ પુરસ્કારો આપવામાં આવ્યા છે. ભૂપેન્દ્ર પટેલે વિશ્વકર્મા જયંતિની શુભેચ્છા પાઠવતાં આ અવસરે જણાવ્યું કે પોતાના શ્રમ, પરિશ્રમ અને પરસેવાથી ઉદ્યોગ, વેપાર, મેન્યૂફેકચરીંગ સેકટરમાં ગુજરાતને વિકાસનું રોલ મોડેલ બનાવનારા પાયાના પથ્થર એવા શ્રમિકો માટે 'શ્રમ એવ જયતે' અને 'હર હાથ કો કામ હર કામ કા સન્માન'નો મંત્ર વડાપ્રધાને આપ્યો છે.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકારે શ્રમિકોના પરિવારોની, તેમના સંતાનોની પણ આરોગ્ય, શિક્ષણ જેવી સુવિધાઓ માટે સતત ચિંતા કરી છે. રાજ્યમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને યુ-વિન કાર્ડ આપીને તેમને વિવિધ સામાજીક સુરક્ષા યોજનાનો લાભ પણ વિનામૂલ્યે અપાય છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. ઉપરાંત તેમણએ રાજ્યના અર્થતંત્રને ગતિમય રાખતા શ્રમિકોને કામકાજના સ્થળે જવા-આવવાની સુગમતા માટે ગો-ગ્રીન યોજના અંતર્ગત ઇલેકટ્રીક વ્હીકલ ખરીદી માટે સહાય આપવાની યોજનાની પણ વિસ્તૃત વિગતો આપી હતી.

શ્રમિકો માટે ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થના અધિકારીઓ દ્વારા કરવામાં આવતી કામગીરીને પારદર્શી અને સરળ બનાવતી દિશાએપનું લોંચીંગ પણ મુખ્યમંત્રીએ કર્યુ હતું.

# ગુજરાત વિધાનસભા કોંગ્રેસમાં નવા હોદ્દેદારોની કરાઇ વરણી

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૪

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં એક વર્ષ કરતા ઓછો સમય બાકી રહ્યો છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે જગદીશ ઠાકોર અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે સુખરામ રાઠવાની નિમણૂક કરાયા બાદ હવે પાર્ટીએ અન્ય પદો પર પણ અન્ય નેતાઓની વરણી કરી છે. કોંગ્રેસ દ્વારા વિધાનસભામાં ઉપનેતા, દંડક, નાયબ દંડક, ખજાનચી સહીત અન્ય પદો પર ધારાસભ્યોની વરણી કરી નવી જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં શૈલેષ પરમારને વિધાનસભામાં ઉપનેતા, ડો. સી જે ચાવડાને દંડક જ્યારે લલિત વસોયાને નાયબ દંડક બનાવ્યા છે. જ્યારે નિરંજન પટેલને પુનઃ ખજાનચીની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત મુખ્ય પ્રવક્તા તરીકે પુંજાભાઈ વંશ અને વીરજી ઠુમ્મરની નિમણુંક કરવામાં આવી છે જ્યારે પ્રવક્તા તરીકે અશ્વિન કોટવાલ, ગયાસુદ્દીન શેખ, બલદેવજી ઠાકોર, અંબરીશ ડેર, નૌશાદ સોલંકી અને કિરીટ પટેલની વરણી કરવામાં આવી છે. મહત્વનું છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ પણ હરકતમાં આવી ગઇ છે. એક પછી એક પદ ઉપર નિમણૂક કરી રહ્યું છે. ગુજરાત વિધાનસભામાં ઘણા સમયથી ખાલી પડેલી વિપક્ષના નેતા અને પ્રદેશ પ્રમુખ જેવી મહત્વની નિમણૂકો ગત વર્ષે ડિસેમ્બર માસમાં કરવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ વિધાનસભા અને સંગઠનમાં ઘણા પદો ખાલી હતા. તેના પર નિમણૂંકની રાહ જોવાઈ રહી હતી. હવે કોંગ્રેસના સર્વોચ્ચ નેતૃત્વએ નવી નિમણૂક પર મહોર મારી દીધી છે. હવે વિધાનસભાનું બજેટ સત્ર તા.૨ માર્ચથી શરૂ થઇ રહ્યું છે ત્યારે ગુજરાત વિધાનસભા કોંગ્રેસની નવી ટીમ સામે પ્રજાના પ્રશ્નો રજુ કરવાનો અને શાસક પક્ષને આયનો દેખાડવાનો ખુબ મોટો પડકાર છે.

# રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે આવે તેવી શક્યતા : ચિંતન શિબિરમાં ભાગ લઈ શકે

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૪

આ વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવવા જઈ રહી છે. તેને લઈ ભાજપ, કોંગ્રેસ અને આપ તૈયારીમાં લાગી ગયા છે. કોંગ્રેસ દ્વારા ભાજપને ઘેરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ત્યારે રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે આવે તેવી શક્યતા છે. કોંગ્રેસના સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ રાહુલ ગાંધી આગામી ૨૨થી ૨૪ ફેબ્રુઆરીના રોજ ગુજરાત પ્રવાસે આવી શકે છે. દ્વારકા ખાતે ચિંતન શિબિર યોજાવવાની છે જેમા રાહુલ ગાંધી હાજરી આપે તેવી શક્યતા છે. આ ચિંતન શિબિરમાં આગામી વિધાનસભાની ચૂંટણીને લઈ રણનિતી તૈયાર કરવામાં આવશે. ઉપરાંત રાજ્યના કોંગ્રેસના નેતાઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ ચિંતન શિબિરમાં ભાજપને ઘેરવાની રણનિતી તૈયાર કરવામાં આવશે.

દરમિયાન ૨૦૨૨ની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસ પક્ષ દ્વારા ડિજિટલ મેમ્બરશીપ ઝુંબેશ તારીખ ૧૪ થી ૨૪ ફેબ્રુઆરી ગ્રામ્ય વિસ્તારમાં અને તારીખ ૨૫ ફેબ્રુઆરી થી ૫ માર્ચ સુધી શહેરી વિસ્તારમાં એમ બે તબક્કામાં થવા જઈ રહી છે. ત્યારે ડિજિટલ સભ્ય નોંધણી ઝુંબેશને વેગવંતી અને અસરકારક બનાવવા માટે જે તે વિધાનસભા બેઠકનાં બુથ મેનેજમેન્ટ માટે વરિષ્ઠ આગેવાનોને જવાબદારી સોંપવામાં આવી છે. જે મુજબ કોંગ્રેસે એક લોકસભા દીઠ બે નિરીક્ષકોની નિમણુંક કરી છે. આ નિરક્ષકો ઉમેદવારોની પસંદગી પણ કરશે. આ નિરીક્ષકોમાં કચ્છ બેઠક પર ખુર્શીદ સૈયદ અને હીરા જીતવાને નિરીક્ષક બનાવ્યા છે જ્યારે સૌરાષ્ટ્રમાં રાજકોટ બેઠક પર દીપક બાબરીયા અને હાર્દિક પટેલને નિરીક્ષક બનાવ્યા છે, તો સુરેન્દ્રનગર બેઠક પર લાખાભાઈ ભરવાડ અને નૌશાદ સોલંકી, જામનગર બેઠક પર નિરીક્ષક તરીકે વિક્રમ માડમ અને લલિત કગથરા, ભાવનગર બેઠક પર શક્તિસિંહ અને ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, પોરબંદર બેઠક પર અર્જુન મોઢવાડીયા ભીખુભાઈ વરોતરિયા, જૂનાગઢ બેઠક પર પૂંજા વંશ અને હર્ષદ રિબડીયા, અમરેલી બેઠક પર પરેશ ધાણા, વીરજી ઠુમ્મર અને ઋત્વિક મકવાણાને ને નિરીક્ષક બનાવાયા છે.જ્યારે બનાસકાંઠા બેઠક પર અશ્વિન કોટવાલ અને ચંદાંજી ઠાકોર, ગાંધીનગર બેઠકના નિરીક્ષક તરીકે સી જે ચાવડા અને ચંદ્રિકાબેન બારૈયા, ખેડા બેઠક પર અમિત ચાવડા અને માલસી રાઠોડ, નવસારી બેઠક પર ગૌરવ પંડ્યા અને ગોવિંદ પટેલ, પાટણના નિરીક્ષક તરીકે રાજુભાઈ પરમાર અને ગજેન્દ્રસિંહ રહેવર, મહેસાણા બેઠક પર નરેશ રાવલ અને કુલદીપ શર્મા, સાબરકાંઠા બેઠક પર મધુસૂદન મિસ્ત્રી અને અલ્કાબેન ક્ષત્રીય, અમદાવાદ ઈસ્ટ બેઠક પર જીગ્નેશ મેવાણી અને બિમલ શાહ, અમદાવાદ વેસ્ટ બેઠક પર હિંમતસિંહ પટેલ અને ડો. જીતુ પટેલ, આણંદ બેઠક પર ભરતસિંહ સોલંકી અને નટવરસિંહ મહીડા, પંચમહાલ બેઠક પર પ્રભાબેન તાવિયાડ અને રાજેન્દ્ર પટેલ, દાહોદ બેઠક પર બાબુ કટારા અને વજેસિંહ પણદા,

વડોદરા બેઠક પર સિદ્ધાર્થ પટેલ અને માનસિંહ ડોડીયા, છોટાઉદ્દેપુર બેઠક પર નારાયણ રાઠવા અને રણજીત રાઠવા, ભરૂચ બેઠકની કાદિર પીરઝાદા અને કાશ્મીરાબેન મુંશી, બારડોલી બેઠક પર ડો. તુષાર ચૌધરી અને બાબુભાઈ રાયકા, સુરત બેઠક પર અમીબેન યાજ્ઞિક દર્શન નાયક તેમજ વલસાડ બેઠક પર કિશન પટેલ અને યુનુસ પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષના સંગઠનને મજબુત કરવા માટે જીલ્લા, તાલુકા પંચાયત અને મહાનગરોના તમામ વોર્ડ અને બાવન હજાર થી વધુ બુથ ઉપર જનમિત્રો અને ૧૩ લાખથી વધુ પેજપ્રભારી સંગઠનના વિસ્તૃતિકરણ અને બુથ મેનેજમેન્ટ માટે મહા જન સંપર્ક અભિયાનમાં ભાજપ સરકારના ૨૫ વર્ષના શાસનમાં યુવા વિરોધી, મહિલા વિરોધી, ખેડૂત વિરોધી અને નાના વેપારી વિરોધી નીતિ-રીતિને ગુજરાતની જનતા સમક્ષ ઉજાગર કરવામાં આવશે.

# અતુલ બેકરી દ્વારા વેલેન્ટાઈન ડે ની વડીલો સાથે અનોખી ઉજવણી



વડોદરા : વેલેન્ટાઈન એટલે સમગ્ર દુનિયામાં ઉજવવામાં આવતો પ્રેમ નો દિવસ. પણ પ્રેમ એટલે પ્રેમી પ્રેમિકા વચ્ચે જ નહીં દરેક જીવ સાથે પ્રેમ એવા ઉમદા વિચાર સાથે અતુલ બેકરી દ્વારાનિઝામપુરા રોડ પર સ્થિત આવેલ શ્રી જલારામ વૃદ્ધાશ્રમના પશ્ચિમી સંસ્કૃતિથી અંજાઈને તરછોડાયેલા વૃદ્ધ માં બાપ સાથે વેલેન્ટાઈન ડે નિમિતેમાતૃ પિતૃ દિન તરીકે અનોખી ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી દરમિયાન વૃધ્ધોને ગુલાબના ફૂલ આપી તેઓની સાથે રોમાન્ટિક ફિલ્મી ગીતોની અંતાક્ષરી રમ્યા હતા તેમજકેક કટ કરીને પ્રેમથી કેક ખવડાવી હતી તેમને મળેલા આ મીઠા સન્માનથી વૃદ્ધ માતા-પિતાના હ્દય ભરાઈ ગયા હતા અને તેમને અતુલ બેકરીનાચેરમેન અતુલભાઈ વેકરીયાને અને સ્ટાફને અંતરથી આશીર્વાદ આપ્યા હતા.

# યુક્રેઇનમાં ફસાયેલા ગુજરાતના વિદ્યાર્થીઓ અંગે રાજ્યસરકાર ચિંતિત, પીએમઓ અને વિદેશ મંત્રાલય સાથે સંપર્કમાં

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૧૪

યુક્રેન અને રશિયા વચ્ચે શરૂ થયેલા તણાવ વચ્ચે ગુજરાતના કેટલાંક વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા છે. ત્યારે રાજયના શિક્ષણ પ્રધાન જીતુ વાઘાણીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, 'જે વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા છે તે મુદ્દે રાજ્ય સરકાર ચિંતિત છે અને પીએમઓ તથા વિદેશ મંત્રાલયના સંપર્કમાં છે. તમામ વ્યવસ્થા કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કહ્યું છે. મુખ્યમંત્રી કેન્દ્ર સરકાર સાથે સતત સંપર્કમાં છે. કેન્દ્ર સરકારે આ વાતને સંવેદનાથી લીધી છે. વિદ્યાર્થીઓને સરકાર દ્વારા પરત લાવવામાં આવશે. આ પહેલાં પણ બનેલી ઘટનાઓમાં સરકાર ફસાયેલા વિદ્યાર્થીઓના સંપર્કમાં રહી હતી.રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિનું સર્જન થયું છે ત્યારે આ તણાવ વચ્ચે યુક્રેનમાં અભ્યાસ કરવા ગયેલા ગુજરાતનાં ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓ ફસાયા હોવાની દહેશત વચ્ચે જે-તે વિદ્યાર્થીઓનાં પરિવારોના જીવ તાળવે ચોટી ગયા છે ત્યારે આ વિદ્યાર્થીઓને પરત લાવવા માટેની પરિવાર દ્વારા માંગ કરવામાં આવી રહી છે. ફસાયેલા કેટલાંક વિદ્યાર્થીઓમાં વડોદરાના પણ છે. જેમને પરત લાવવા માટે વાલીઓ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને ને રજૂઆત કરવા પહોંચ્યાં હતા. મહત્વનું છે કે, ભારતીય વિદ્યાર્થીઓમાં મેડિકલ અને એન્જીનિયરિંગનો અભ્યાસ કરવા માટે યુક્રેનની યુનિવર્સિટીઓનો જબરો ક્રેઝ જોવા મળી રહ્યો છે. જેથી દર વર્ષે ખૂબ મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ યુક્રેન જતા હોય છે. એવામાં યુક્રેન અને રશિયા વચ્ચેના સંભવિત યુદ્ધની અસર ગુજરાતી વિદ્યાર્થીઓ પર પણ પડી છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ સર્જાવા જઇ રહી છે, હાલમાં ત્યાં તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે એવામાં યુક્રેનમાં અભ્યાસ કરી રહેલા ગુજરાતી વિદ્યાર્થીઓ ફસાતા વાલીઓ તેમને પરત લાવવા ગાંધીનગરમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રીને રજૂઆત કરવા પહોંચ્યાં હતા.

# શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત "કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ" જન-જાગૃતિ સપ્તાહ ઉજવણી સંપન્ન

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં કન્જનાઇટલ હાર્ટ સંલગ્ન રોગોના બાળકોનું વહેલામાં વહેલું નિદાન થાય તે માટે સ્ટેટ આર.બી.એસ.કે. સેલ દ્વારા યુ.એન.મહેતા ઇન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદના સહયોગથી તા.૭,૯ અને ૧૦ ના રોજ વેબીનાર અને તા.૧૧ના રોજ સેટકોમ દ્વારા ડીલીવરી પોઇન્ટ (મેડીકલ કોલેજ, જીલ્લા હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, એસ.એન.સી.યુ.) ડીઇઆઇસી અને આરબીએસકેના સ્ટાફ તેમજ આશા વર્કરોને ટ્રેનીંગ પુરી પાડવામાં આવી હતી. તા.૧૪/૨/૨૦૨૨ ના રોજ યુ.એન.મહેતા ઇન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદની નિષ્ણાંત તબીબોની ટીમના સહયોગથી જીએમઇઆરએસસીવીલ હોસ્પિટલની ડીઇઆઇસી, ગાંધીનગર ખાતે કન્જનાઇટલ હાર્ટ ડીસીઝના બાળકો માટે સ્ક્રીનીંગના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. કન્જનાઇટલ હાર્ટ ડીસીઝના બાળકો માટે સ્ક્રીનીંગના કેમ્પમાં ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, અરવલ્લી અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ હતો. જેમાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની મોબાઇલ હેલ્થ ટીમો દ્વારા કુલ ૭૪ બાળકોને સેન્ટરે લાવવામાં આવ્યા હતા.

બાળકોને કેમ્પમાં કાર્ડીયોલોજીસ્ટ અને પ્રીડીયાટ્રીશીયન દ્વારા તપાસ કરવામાં આવેલ તેમજ ઇકો કાર્ડીયોગ્રામ કરીને નિદાન કરવામાં આવ્યુ હતુ. જે બાળકને કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ અથવા અન્ય હ્દયની તકલીફ જણાઇ આવેલ તેમને ઓપરેશન માટે યુ.એન.મહેતા હોસ્પિટલ દ્વારા તારીખ આપી આગળની સારવાર પુરી પાડવામાં આવશે.રાજયના અલગ-અલગ જીલ્લાઓમાં આરોગ્ય સંસ્થાઓ ખાતે "કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ" માટે જનજાગૃતિ થાય તે માટેની પ્રવૃતિઓ કરવામાં આવી.રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ પ્રોગ્રામ અંતર્ગત દરેક પ્રસુતિ સ્થળ પર જન્મનાર દરેક નવજાત બાળકની જન્મજાત ખામી માટે તપાસ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ પ્રોગ્રામ અંતર્ગત મોબાઇલ હેલ્થ ટીમો દ્વારા આંગણવાડી અને શાળાઓ તેમજ ડીલીવરી પોઇન્ટ ખાતે જન્મજાત ખામી વાળુ બાળક જણાઇ આવે તો રીફર કરીને વિનામૂલ્યે સારવાર પુરી પાડવામાં આવે છે કોઇપણ આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૦ થી ૧૮ વર્ષના શાળાએ જતા અને શાળાએ ન જતા તમામ બાળકોની સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે. તેમજ રાજયમાં હ્દયરોગને લગતી સારવાર યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે પુરી પાડવામાં આવે છે.

# રાજયભરમાં આગામી તા.૧૭ ફેબ્રુઆરીથી આંગણવાડી તથા પ્રી સ્કૂલનો પ્રારંભ : શિક્ષણમંત્રી

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૪

કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે આંગણવાડી અને પ્રિ સ્કૂલો બંધ રહેતા રાજ્યના ભૂલકાઓને ખૂબ મોટો લર્નિંગ લોસ થયો છે. જેને ધ્યાને રાખીને આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની આંગણવાડી અને પ્રિ સ્કૂલો પુનઃ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ જાહેર કર્યું હતું કે, આગામી તા.૧૭ ફેબ્રુઆરીને ગુરૂવારથી રાજ્યભરના આંગણવાડી અને પ્રિ સ્કૂલના સંચાલકો કોરોનાની નિયત એસ.ઓ.પીના ચુસ્ત પાલન તથા વાલીના સંમતિ પત્ર સાથે ભૂલકાઓ માટે શિક્ષણ કાર્ય શરૂ કરી શકશે. જ્યારે મધ્યાહન ભોજન યોજના શરૂ કરવા આગામી દિવસોમાં નિર્ણય કરવામાં આવશેવાઘાણીએ કહ્યું કે, રાજ્યના ભૂલકાંઓના આરોગ્યની સાથે શિક્ષણની પણ ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. તેથી જ તેમના શૈક્ષણિક હિતમાં રાજ્ય સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે. કોરોના મહામારીને કારણે શાળાઓ બંધ રહેતા બાળકોને થયેલો ખૂબ મોટું શૈક્ષણિક નુકશાન થયું છે તેને દૂર કરવા રાજ્ય સરકાર ચિંતિત છે. તેમણે ઉમેર્યું કે, બાળકો બાલમંદિર/ પ્રિ સ્કૂલ કે આંગણવાડીમાં અભ્યાસ કરી શકયા ન હોવાથી ધોરણ-૧ માં પ્રવેશ લેતા બાળકોનો શૈક્ષણિક પાયો નબળો રહી ના જાય તેની ચિંતા સરકાર કરી રહી છે અને તે માટે જ તેમને થયેલો લર્નિંગ લોસ દૂર કરવા વિશેષ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગત ૬ જાન્યુઆરીએ ૪૨૧૩ કેસ આવતાં ૭મી જાન્યુઆરીથી ઓફલાઈન શિક્ષણકાર્ય બંધ કરાયું હતું. દરમિયાન રાજ્ય સરકારે ૭ ફેબ્રુઆરીથી ધોરણ ૧થી ૯ સુધીનું ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાની જાહેરાત કરી હતી ત્યારબાદ આજે ૧૭મી ફેબ્રુઆરીથી પ્રી-સ્કૂલ, બાળ મંદિર અને આંગણવાડીઓ શરૂ કરવાની જાહેરાત કરી છે. આમ, બે વર્ષમાં પહેલીવાર પ્રી-સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ૧૭ મો દિક્ષાંત સમારોહ રાજયપાલના અધ્યક્ષસ્થાને વર્ચ્યુઅલી યોજાયો

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૧૪

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ૧૭મો દિક્ષાંત સમારોહ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને વર્ચ્યુઅલી યોજાયો હતો. જેમાં વિવિધ ફેકલ્ટીમાં શ્રેષ્ઠ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ તથા ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન અને ડૉક્ટરેટ કક્ષાના કુલ-૪૩૫ વિદ્યાર્થીઓને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વર્ચ્યુઅલી પદવી એનાયત કરતા કહ્યુ કે ૬૦ ના દશકામાં ખાદ્યાન્નની આપૂર્તિ માટે આપણે હરીયાળી ક્રાંતિ લાવી એ સમયે તે વરદાનરૂપ સાબિત થઇ હતી. પરંતુ ત્યારબાદ રાસાયણિક ખાતરોનો અંધાધૂંધ ઉપયોગ અભિશાપ બની રહ્યો છે. રાસાયાણિક કૃષિનો મજબુત વિકલ્પ પ્રાકૃતિક કૃષિ છે. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વર્ચ્યુઅલી સંબોધન કરતાં પદવી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું કે, આજે આપણી સામે ગ્લોબલ વોર્મિંગ, જળ, જમીન અને પર્યાવરણનું પ્રદૂષણ સહિત ખેતીના ક્ષેત્રમાં અનેક પડકારો છે તેનો સામનો કરવા કૃષિ ક્ષેત્રના નિષ્ણાંતો નવા સંશોધનો કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, રાસાયણિક ખાતરો તેમજ જંતુનાશક દવાઓના ઉપયોગથી જમીન વધુને વધુ બિનઉપજાઉ અને ઝેરી બનતી જાય છે.

# ગુજરાત યુથ કોન્કલેવ ૨.૦ ખાતે યુનિસેફ૭૫ કોફી ટેબલ બુક લોન્ચ કરાઇ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૪

ઉદઘાટન સમારોહમાં ગૃહ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતના ૭૫ યુવા ચેન્જમેકર્સને હાઈલાઈટ કરતી સેલિબ્રેટિંગ ચાઈલ્ડ રાઈટ ચેમ્પિયન્સ નામની કોફી ટેબલ બુકUNICEF૭૫નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. યુનિસેફની રચનાના ૭૫ વર્ષ પૂરા કરવા માટે યુનિસેફ-ભારતની તમામ કચેરીઓમાં કોફી ટેબલ બુક એકમાત્ર પ્રકાશન છે. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે જ્યારે યુનિસેફ તેની રચનાના ૭૫ વર્ષની ઉજવણી કરે છે, ત્યારે ભારત પણ તેની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે.આ પ્રસંગે યુનિસેફ-ગુજરાતના વડા પ્રસાંતા દાસઉપસ્થિત રહ્યા હતા; તેમજપીટર કૂક, ગુજરાત અને રાજસ્થાન માટે બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર; ધુવારખા શ્રીરામ, જનરેશન અનલિમિટેડના ચીફ, યુથ ડેવલપમેન્ટ એન્ડ પાર્ટનરશીપ, યુનિસેફ મોઇરા દાવા, કોમ્યુનિકેશન સ્પેશિયાલિસ્ટ, યુનિસેફ; મધીશ


## વડોદરા મહાનગરપાલિકા

www.vmc. gov. in

**આકારણી શાખા**

સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નોટીફીકિશન નંબર : KV/51 OF 2020 VMC/902019/7618-7621/P-Dt.18-06-2020 મુજબ વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વેમાલી ગામ વહિવટી વોર્ડ નં. ૦૨, બીલ ગામ વહિવટી વોર્ડ નં. ૦૬, ઉંડેલા અને કરોડીયા ગામ વહિવટી વોર્ડ નં. ૧૦, ભાયલી અને સેવાસી વહિવટી વોર્ડ નં. ૧૧ અને વડદલાગામનો વહિવટી વોર્ડ નં. ૧૨માં સમાવેશ કરવામાં આવેલ છે. આ ગામોમાં આવેલી તમામ રહેઠાણ, બીન રહેઠાણ, ઔદ્યોગીક એકમોની તમામ મિલકતોના સને ૨૦૨૧-૨૨નાં વર્ષના આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ના પરિશિષ્ટ 'ક'ના પ્રકરણ-૮ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબની પ્રસિદ્ધી બાબતે જાહેર નોટીસ

ક્ષેત્રફળ આધારિત આકારણી પદ્ધતિ મુજબ મિલ્કતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા તમામ મિલકતોનાં સને ૨૦૨૧-૨૨નાં વર્ષના આકારણી રજીસ્ટર આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ રજીસ્ટરમાં દાખલ કરેલી વિગતો અનો નોંધો, કચેરીનાં કામકાજનાં દિવસોમાં સવારનાં ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી સંબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં જોવા મળશે, આકારણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો જેવી કે કરભરવાને પ્રથમ પાત્ર વ્યકિતનાં નામમાં સુધારો કરવા/સરનામામાં સુધારો તથા વેરા બીલ તથા ખાસ નોટીસમાં દર્શાવેલ પરિબળો બાબતે જો કોઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી બીલ તેમજ ખાસ નોટીસ મળ્યા તારીખથી દિન-૧૫માં નિયત કરેલા ફોર્મમાં કે સાદા કાગળમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવા.

અન્ય બાબત-(૧) વાંધા અરજીનું ફોર્મ નિયત કિંમતે વોર્ડ કચેરીએથી વેચાણથી આપવામાં આવશે તેમજ અરજદાર સાદા કાગળ પર પણ વાંધા અરજી કરી શકશે. (૨) સદર જાહેરાત સંબંધી વધુ વિગતો/જાણકારી/સમજ મેળવવા કચેરીનાં કામકાજનાં સમયમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવો.

પી.આર.ઓ.નં. ૯૯૫/૨૦૨૧-૨૨ મ્યુનિસિપલ કમિશનર



## SUN PHARMACEUTICAL INDUSTRIES LIMITED

Registered Office: SPARC, Tandalja, Vadodara - 390012
Corporate Office: Sun House, Plot No. 201 B/1, Western Express Highway, Near Jay Coach, Goregoan (E), Mumbai - 400063 Tel No. 022 43244324 Fax No. 022 43244343.
CIN: L24230GJ1993PLCO19050 Website: www.sunpharma.com

**NOTICE**

Notice is hereby given that the Share Certificates as detailed below issued by Sun Pharmaceutical Industries Limited of Face Value Re.1/- each have been reported to have been lost/ misplaced/ stolen by the Registered Shareholder(s)/ Applicant(s)/ Bonafide Purchaser(s). The Company has also received requests from them for issue of Duplicate Share Certificates, in lieu thereof:

| Name of the Registered Shareholder(s) / Applicant(s) / Bonafide Purchaser(s): | Folio No(s).: | Distinctive Numbers: From - To | Certificate Nos.: | No. of Equity Shares: |
|---|---|---|---|---|
| Rankit Kanaiyalal Thakkar | 006771 | 1035712871 - 1035712910 | 48311 | 40 |

The public are hereby cautioned against purchasing or dealing in any way with the above referred Share Certificates. Any person(s) who has/have a claim in respect of the said equity shares should lodge such claim or claims with Link Intime India Private Limited, C 101, 1st Floor, 247 Park, L.B.S. Marg, Vikhroli West, Mumbai - 400083 within 15 days from the date of publication of this notice after which no claim will be entertained and the Company will proceed to issue Duplicate Certificates in respect of the said equity shares.

For SUN PHARMACEUTICAL INDUSTRIES LIMITED
Sd/-
Ashok Bhuta

Place: Mumbai
Date: 14.Feb.2022



## લેકટોસ (ઇંડિયા) લિમિટેડ

સીઆઈએનએલ ૧૫૨૦૧જીજે૧૯૯૧પીએલસી૦૧૫૧૮૬
રજી. ઑફિસ: વિલેજ પોઇચા (રાણીયા), સાવલી, જીલ્લો: વડોદરા, ગુજરાત: ૩૯૧૭૮૦ વેબસાઈટ:www.lactoseindia.com
ઈ-મેઈલ આઈડી,: lil@lactoseindialimited.com ટેલિફોન/ફેક્સ નં: ૦૨૬૬૭ - ૨૪૪૩૦૮ 0.03

**૩૧મી ડિસેમ્બર ૨૦૨૧નાં રોજ પુરા થતાં ત્રૈમાસિક માટેનાં અન ઓડિટેડ ફાઈનાન્સીયલ રીઝલ્ટસનો સારાંશ**

(રૂા. લાખમાં)

| અનુ. નં. | વિગત | પુરા થતા ત્રણ માસ 31-12-2021 અનઓડીટેડ | 30-09-2021 અનઓડીટેડ | 31-12-2020 અનઓડીટેડ | પુરૂ થતું વર્ષ 31-03-2021 ઓડીટેડ |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યવહારોમાંથી કુલ આવક (ચોખ્ખી) | ૧,૨૨૬.૩૮ | ૧,૦૯૫.૧૮ | ૧,૦૩૫.૫૩ | ૩,૫૨૭.૬૨ |
| ૨ | સમયગાળા માટેનો પ્રાથમિકતાથી ચોખ્ખો નફો/ખોટ ટેકસ પહેલા, એકસેપ્શનલ તેમજ/ અથવા એકસ્ટ્રાઓર્ડીનરી વસ્તુઓ) | ૩૩.૨૫ | ૩૬.૨૧ | (૫૩.૧૯) | (૩૨૭.૦૫) |
| ૩ | ટેકસ પહેલાના સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ખોટ (એકસેપ્શનલ તેમજ/ અથવા એકસ્ટ્રા ઓર્ડિનરી વસ્તુઓ પાછળ | ૩૩.૨૫ | ૩૬.૨૧ | (૫૩.૧૯) | (૩૨૭.૦૫) |
| ૪ | ટેકસ પછીનાં સમયગાળા માટેનો ચોખ્ખો નફો/ખોટ (એકસેપ્શનલ તેમજ/ અથવા એકસ્ટ્રાઓર્ડીનરી વસ્તુઓ પાછળ | ૨૧.૪૨ | ૩૨.૦૦ | (૪૯.૪૮) | (૨૪૭.૭૭) |
| ૫ | સમયગાળા માટેની કુલ વ્યાપક આવક (ટેકસ પછીનાં સમયગાળા માટે સમાવિષ્ટ નફો અથવા (ખોટ) તેમજ ટેકસ બાદની અન્ય સમાવિષ્ટ આવક) | ૨૧.૪૨ | ૩૨.૦૦ | (૪૯.૪૮) | (૨૪૨.૨૩) |
| ૬ | ઈકવીટી શેર કેપિટલ(શેર દીઠ રૂા. ૧૦) | ૧,૧૪૮.૧૪ | ૧,૧૪૩.૭૦ | ૧,૦૧૮.૯૦ | ૧,૧૪૩.૭૦ |
| ૭ | શેર દીઠ કમાણી (અસાધારણ વસ્તુઓ પહેલા) (રૂા. ૧૦નો શેર) (વાર્ષિક નથી) (અ) પાયાની (બ) ડાયુલીટેડ | ૦.૧૯<br>૦.૧૯ | ૦.૨૮<br>૦.૨૮ | (૦.૪૯)<br>(૦.૪૯) | (૨.૪૦)<br>(૨.૪૦) |
| ૮ | શેર દીઠ કમાણી (અસાધારણ વસ્તુઓ પછી) (રૂા. ૧૦નો શેર) (વાર્ષિક નથી) (અ) પાયાની (બ) ડાયુલીટેડ | ૦.૧૯<br>૦.૧૯ | ૦.૨૮<br>૦.૨૮ | (૦.૪૯)<br>(૦.૪૯) | (૨.૪૦)<br>(૨.૪૦) |

**નોંધો:**

૧ ઉપર મુજબ, ૩૧ મી ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે, જે સેબી (લિસ્ટિંગ અને અન્ય જાહેરાત આવશ્યકતાઓ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઇલ કરવામાં આવ્યો છે. ૩૧ મી ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામનું સંપૂર્ણ બંધારણ www.bseindia.com અને www.lactoseindia.com પર ઉપલબ્ધ છે.

૨ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના કંપનીના ઉપરોક્ત અનઓડેટેડ નાણાકીય પરિણામોની વિંયડિટ કમિટી દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ મળેલી બેઠકમાં નિયામક મંડળ દ્વારા માન્યતા પ્રાપ્ત રેકોર્ડ પર લેવામાં આવી છે.

૩ ઉપરોક્ત પરિણામો કોર્પોરેટ અફાઇના મંત્રાલય દ્વારા સૂચિત ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ (ઇન્ડિયા એએસ) નું સુસંગત છે

૪ સેબી (ઇશ્યુ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૮ ની શરતોમાં, કંપનીએ રૂ. ૨૧/- પ્રતિ ઇક્વિટી શેરના રૂપાંતરણ ભાવે ૨૪,૦૦,૦૦૦ શેર વોરંટ જારી કર્યા હતા અને ફાળવ્યા હતા, જેમાંથી ૧૨,૪૮,૦૦૦ વોરંટમાં રૂપાંતરિત કરવામાં આવ્યા હતા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ ઇક્વિટી શેર. ક્વાર્ટર દરમિયાન કંપનીએ રૂ.ના સંપૂર્ણ ચૂકવેલ ઇક્વિટી શેરમાં ૮,૧૦,૦૦૦ શેર વોરંટને રૂપાંતરિત કર્યા છે. પ્રત્યેક રૂ.૧૧ના પ્રીમિયમ પર ૧૦.

૫ અગાઉના ત્રિમાસિક ગાળાની તુલનાત્મક નાણાકીય માહિતીને વર્તમાન ક્વાર્ટરના આંકડાને અનુરૂપ હોવાને ધ્યાનમાં લેતા ફરીથી ગોઠવવામાં / ફરીથી ગોઠવવામાં આવી છે.

બોર્ડ વતી,
અતુલ મહેશ્વરી
મેનેજીંગ ડાયરેકટર
ડીએન: ૦૦૨૫૫૨૦૨

સ્થળ: મુંબઇ
તારીખ: ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૨